"ઝીન્નત રેસીડન્સી'' નામની યોજના પૈકીમાં આવેલ દુકાન/ફ્લેટ નં. .... ની સ્થાવર મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા. .... /- પુરાનો

આજ રોજ તારીખ : ....../...../૨૦૧૯ ના રોજ અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનારા-એક તરફવાળા (જમીન માલીક/આયોજક/પ્રમોટર):-

જીનત એન્ટરપ્રાઈઝ (પાન નં. AACFZ0826B) એ નામની ભાગીદીર પેઢી કે જેની ઓફીસ : આયશા રેસીડન્સીની બાજુમાં, જેનબ પાર્કની સામે, પરીવાર પાર્ટી પ્લોટની પાછળ, ટી.બી.હોસ્પિટલ પાછળ, ભાલેજ રોડ, આણંદ મુકામે આવેલ છે તેના વતી ભાગીદાર તરીકે

અનીસભાઈ ગુલામરસુલ વહોરા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વેપાર (આધાર નં. ....)

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી આપનારા અગર એક તરફવાળા અગર જમીન માલીક અગર પ્રમોટર/આયોજક એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં લખી આપનારા-જમીન માલીક અને યોજનાના પ્રમોટર/આયોજક ભાગીદારી પેઢીના ભાગીદારોનો પોતે જાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડીમીનીસ્ટેટરો ઈત્યદી તમામનો સમાવેશ થયેલા છે.)

જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી લેનારા - બીજી તરફવાળા (વેચાણ લેનારા/એલોટી) :-

.... ઉમર .... પાન નં. .... આધાર નં. ....

ઠેકાણું ....

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી લેનારા અગર વેચાણ રાખનારા અગર બીજી તરફવાળા અગર એલોટી એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં લખી લેનારા-બીજી તરફવાળાનો પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલા છે.)

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારા, તમો લખી લેનારા-બીજી તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે,

૧) તા.જી. આણંદ ના મોજે ગામ આણંદ રે.સ.નં. ૨૬૪૫/૧ જેનું ક્ષેત્રફળ ૦-૧૧-૪૬ આરે જેના ૧૧૪૬.૦૦ ચો.મી. આકાર રૂા.૧.૪૧ પૈસા ખાતા નં. ૧૪૦૨ તથા રે.સ.નં. ૨૬૪૫/૨ જેનું ક્ષેત્રફળ ૦-૭૧-૮૩ આરે જેના આકાર રુ. ૮.૮૩ પૈસા ખાતા નં. ૯૯૮ પૈકી ૬૨૯૫.૦૦ ચો.મી. વાળી ખુલ્લી બીનખેતીલાયક જમીન આવેલ છે.

Zeenat Enterprise
Partner

સદર ઉપરોકત બીનખેતી વપરાશ અંગેની જરૂરી પરવાનગી મે. કલેકટર સાહેબશ્રી, આણંદના હુકમ નં. જમન–૧/એન.એ/એસ.આર./૬૫/૧૫૦/૨૦૧૪–૧૫/વશી/૩૧૦૮ થી ૩૧૧૭ તા.૧૮–૩–૨૦૧૫ ના રોજ મળેલ છે તથા આણંદ–વલ્લભ વિદ્યાનગર–કરમસદ–શહેરી વિકાસ સતા મંડળ તરફથી આપવામાં આવેલ લે–આઉટની પરવાનગી પત્ર નં. બીપી/અવકુડ/લે–આઉટ/વશી/૧૭૪૬ તા.૨૩–૧૨–૨૦૧૪ ના રોજથી મળેલ છે. ત્યારબાદ આણંદ વલ્લભ વિદ્યાનગર–કરમસદ–શહેરી વિકાસ સતા મંડળ તરફથી આપવામાં આવેલ બાંધકામની પરઅવાનગી પત્ર નં. અવકુડા/વિ.પ./૫૨૬ તા.૨૬–૩–૨૦૧૮ ના રોજથી આપવામાં આવેલ છે.

સદરહું રે.સ.નં. ૨૬૪૫/૧ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ નં. .... તા. .... ના રોજ થી તથા રે.સ.નં. ૨૬૪૫/૨ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ નં. ૧૭૨૬ તા.૬–૨–૨૦૧૯ ના રોજ થી વેચાણ રાખેલ છે અને વેચાણ આધારે સદરહું જમીનના ૭/૧૨ ના રેકર્ડમાં તા........... ના રોજ ફેરફાર નોંધ નં. .... અન્વયે અમો એક આ એક તરફવાળા ભાગીદારી પેઢીના નામે નામફેર અંગેની કાર્યવાહી થયેલ છે.

સદર યોજના રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ - ૨૦૧૬ ની જોગવાઈઓને આધીન એકલોઝમેન્ટ નં. .... થી નોંધણી અર્થે રજુ કરેલ છે અથવા નોંધણી નં. .... થી નોંધાયેલ છે.

સદરહું જમીનમાં ઝીનત રેસીડન્સી નામે રહેણાંક હેતુસર મકાનો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે તે પૈકી સબ પ્લોટ નં. .... જેનું ક્ષેત્રફળ ..... ચો.મી. માં બાંધવામાં આવેલ બે માળનું મકાન જેનું કુલ બાંધકામ ક્ષેત્રફળ .... ચો.મી. વાળુ મકાન તમોને વેચાણ આપેલ છે તેની વિગત પરીશીષ્ટ-૨ માં દર્શાવેલ છે.

૨) સદર નીચે પરીશીષ્ટ નં. ૨ માં વિગતે વર્ણવેલ કરેલ ઈન્ફ્રાસ્ટ્રકરની કાર્યવાહીઓ/વિકાસ ચાર્જીસ / બાંધકામ સહની મિલકતના વેચાણ અંગે અમો આ લેખ લખી

Zeenat Enterprise

Partner

આપનારા-પ્રમોટર/આયોજક ભાગીદારી પેઢીના ભાગીદારનાએ તમો લખી લેનારને તા............ ના રોજ નોંધણી નં. .... થી નોંધાયેલ લેખો અન્વયે આપણી વચ્ચે નકકી થયેલ શરતો-સ્પષ્ટતાઓ મુજબ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ - ૨૦૧૬ ની જોગવાઈ ઓને આધીન રહીને સરકારશ્રી તરફથી ઉપલબ્ધ જંત્રીના દરોને ધ્યાનમાં રાખી, તે અન્વયે આપણી વચ્ચે નકકી થયેલ યોગ્ય અને વ્યાજબિ બજાર કિંમત પ્રમાણેની વેચાણ કિંમત ..../- પુરામાં વેચાણ આપવાનું નકકી કરી, નકકી થયેલ કિંમત મુજબ /પ્રમાણેમાં સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. સદર વેચાણ અવેજની રકમ નીચે જણાવેલ વિગત મુજબ પ્રાપ્ત થયેલ છે.

વેચાણ અવેજ મળ્યાની વિગત :-

રૂપિયા વિગત / બેન્કનું નામ/ચેક નં.

સદર ઉપરોકત વિગત મુજબ વેચાણ અવેજની રકમ અમો લખી આપનારા-પ્રમોટ/આયોજક-ભાગીદારી પેઢીના નામો તમો આ લેખ લખી લેનારા તરફથી આ વેચાણ દસ્તાવેજ અન્યે ચુકતે મળ્યાની આથી પહોંચ, પાવતી આપી તે વેચાણ અવેજ ચુકતે મળ્યાનું કબુલ કરી અને તેના બદલામાં આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. અને વધુમાં સરકારશ્રીના કાયદાઓ હેઠળ નાયબ નોંધણી સરનિરીક્ષકશ્રીની, ગાંધીનગરનાએ કરેલ પરીપત્રમાં જણાવ્યા મુજબ ભારતી નોંધણી અધિનીયમ - ૧૯૦૮ ની કલમ-૨૧ અન્વયે નોંધણી અર્થે રજુ થતા લેખોમાં મિલકતની સ્પષ્ટ ઓળખ માટે મિલકતનો ફોટો લગાવવો જરૂરી હોઈ, આ લેખ અન્વયે હાલ સ્થળસ્થિતિ મુજબની યોજનાની મિલકતનો ફોટ લગાવી આપણી વચ્ચે નકકી થયા મુજબની મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી, તેનો આ વેચાણ દસ્તાવેજ લખી આપી તમો લખી લેનારાને બિન તકરારી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો સોપેલ છે. જેનો બિન તકરારી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો સંપૂર્ણ માલીકી હકકેથી તમો લખી લેનારાએ સંભાળી લીધેલ છે.

૩) સદરહું નીચે પરિશીષ્ટ નં. ૧ માં વિગતે વર્ણવેલ સમગ્ર જમીન ઉપર આયોજીત યોજના કે જે ઝીનત રેસીડન્સી ના નામથી ઓળખાશે અને જે નામમાં કે એલીવેશનમાં કોઈ પણ પ્રકારે ફેરફાર કરવા-કરાવવા કોઈને હકક અને અધિકાર નથી.

Zeenat Enterprise

Partner

સદર આ લેખ અન્વયે નીચે પરીશીષ્ટ નં. ૨માં વર્ણવેલ વેચાણ આપેલ મિલકતના લાગતા વળગતા તમામ પ્રકારના હકકો સાથેની, તેમાં જવા-આવવાના રસ્તા-પાણીના નીકાલના તથા ટેલીફોન, લાઈટ, ડ્રેનેજ વિગેરેના કનેકશનો લાવવા-લઈ જવાના સર્વે પ્રકારના સુખાધિકારી હકકો સાથેની મિલકત યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામ ન દાવે કાયમને માટે વેચાણ આપેલ છે જેથી સદર વેચાણ આપેલ મિલકતનો માલીકી હકકે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા-કરાવવા તથા તે અન્વયે ગીરો, વેચાણ, બક્ષીસ કરવા-કરાવવા તમો લખી લેનારા તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે માલીક, મુખત્યાર અને કબજેદાર થયા છો.

૪) સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટ નં. ૨ વાળી મિલકતના માલીક તરીકે આ વેચાણ દસ્તાવેજના આધારે જરુરી રેવન્યુ રેકર્ડ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરેમાં તમો લખીલેનારા તમારા નામે નામફેર કરવા-કરાવવા હકકદાર અને અધિકારી છો. તે અંગે અમો અમારી જરુરી તમામ સહી-સંમતીઓ કરી આપીશુ વધુમાં તમો લખીલેનારાએ વીજ કનેકશન તથા વીજ મીટર ડીપોઝીટની રકમ, વીજ ચાર્જીસ, સરકારી કાયદાઓ મુજબના ટેક્ષોની રકમ, વેરા તમામ રેવન્યુ રેકર્ડમાં નામફેર કરવાનો ખર્ચ, લાઈફ ટાઈમ કોમન મેન્ટેનન્સ ની ડીપોઝીટની રકમ/ફંડ વિગેરે જે કાંઈ ભરવાના છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારીઓ તમો લખીલેનારાની રહેશે. સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઈ ફી વીગેરેનો તમામ ખર્ચ તમો લખીલેનારાએ ભોગવેલો છે અને ભવિષ્યમાં કોઈ વધારાનો સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તમો લખી લેનારાએ ભરવાની છે.

૫) સદરહું બાંધકામ અર્થે મંજુર થયેલા નકશામાં દર્શાવ્યા મુજબ નીચે પરીશીષ્ટ નં. ૧ માં વિગતે વર્ણવેલ સમગ્ર જમીનમાંની ખુલ્લી જમીન કોઈ પણ પ્રકારે અંગત માલીકી માગ્યા સીવાય કાયમને માટે ખૂલ્લો રાખવા તમો લખી લેનારા તથા અન્ય યુનીટ વેચાણ સહ હીસ્સેદાર બંધાયેલા રહેશે અને સદર લેખથી સ્થળસ્થિતી માપ પ્રમાણેની ફલેટ/એપાર્ટમેન્ટ પધ્ધતિવાળી યોજના પૈકીની નીચે પરીશીષ્ટ નં. ૨ વાળી મિલકત તમોને વેચાણ આપેલ હોઈ, જે યોજનાની તથા વેચાણ આપેલ મિલકતના માપ વિગેરેની તમામ માહીતી મેળવી વેચાણ લીધેલ હોઈ, જેના સ્થળસ્થિતી માપ પ્રમાણેની તમારી માલીકી રહેશે જેથી સદર નીચે પરીશીષ્ટ નં. ૧ માં વિગતે વર્ણવેલ યોજનાની ખુલ્લી જમીનમાં કે અન્ય કોઈ પણ બાંધકામમાં પોતાનો આગવો ભાગ જુદો પાડી શકશે નહી કે માલીકી માંગી શકશે નહી અને સદર યોજનાની જાહેરાત માટે બનાવેલ/આપેલ બ્રોચર (પેમ્પલેટ) ફકત એલીવેશન દેખાવ માટે બનાવેલ હોઈ તે મુજબના બાંધકામ કે દેવાખ અંગે યુનીટ વેચાણ લેનારા કોઈ પણ પ્રકારે આગ્રહ રાખી શકશે નહી અને

Zeenat Enterprise
Partner

આયોજકો દ્વારા યોજનાના યુનીટ વેચાણ લેનારાની જરુરીયાત મુજબની સુવિધાઓ માટે કરેલા/કરેલ/થનાર ફેરફારો યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવાના રહેશે તે અંગે અન્ય કોઈ પણ યુનીટ વેચાણ લેનારાએ હાલમાં કે ભવિષ્યમાં કોઈપ ણ જાતનો વાંધો કે તકરાર કરવા-કરાવવાની રહેશે નહી તેવી સ્પષ્ટતા સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૬) સદરહું નીચે પરીશીષ્ટ નં. ૧ વાળી જમીનમાં આયોજીત યોજનાની જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી અંગે રહેણાંક અને વેપારી યુનીટો વેચાણ લેનારાઓ માટે થનાર વિકાસ મંડળ આ એશોસીએશનમાં ફરજીયાત સભાસદ થઈ, તેના નીતી નિયમોનું ફરજીયાત પાલન કરવાનું રહેશે એટલે કે આ વેચાણ દસ્તાવેજ અન્વયે તમો લખી લેનારા યોજનાના યુનીટ ધારક થતા હોઈ અને આપોઆપ યોજનાના એશોસીએશનના સભ્ય થતા હોઈ, યોજનાના નીયમોનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે અને યોજનાના એશોસીએશનના વહીવટકર્તાઓએ લીધેલ નીર્ણયો ફરજીયાતપણે તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવા રખાવવાના રહેશે અને વહીવટી ખર્ચ, વરાડે પડતા જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી જે તે બીલ્ડીંગમાં કોન લાઈટ બીલ-લીફટ મેઈન્ટેનન્સ પાણીની મોટર પંપનો તથા સામુહીક વપરાશની તમામ ચીજવસ્તુઓના રીપેરીંગ ખર્ચ વિગેરે જેવા મેન્ટેનન્સ ચાર્જીસ અંગેની રકમ યુનીટ વેચાણ લેનારાઓ વરાડે પડતા ભાગ આપવાની છે અને નકકી થાય મુજબ મેઈન્ટેનન્સ / ડીપોઝીટની રકમ એક વખત ફરજીયાતપણે અલગથી ચુકવવાની રહેશે તેવી સ્પષ્ટતા સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદર એપાર્ટમેન્ટ પધ્ધતિવાળા બિલ્ડીંગના ફકત રહેણાંક યુનીટ વેચાણ લેનારાઓએ ચિલ્ડ્રન પાર્ક, ગાર્ડન/કોમન પ્લોટ/કલમ હાઉસ, કોમન રસ્તા, કોમન દાદર-પેસેજ, કોમન લીફટ, પાણીની મોટર-પંપ, અંદરના ભાગે આવેલ કોમન પાર્કીંગ, ટાંકીઓ, સુરક્ષા ખર્ચ, અંડરગ્રાઉન્ડ ઈલેકટ્રીકટ કેબલના મેઈન્ટેનન્સ વિગેરે તેમજ સામુહીક વપરાશની તમામ ચીજવસ્તુઓનો વાપર, ઉપયોગ, ઉપભોગ યોજનાના તમામ રહેણાંક યુનીટ વાપરનારાઓએ જ સહીયારો સહીયારી જવાબદારીથી કરવાનો રહેશે તથા યોજનાના તમામ રહેણાંક યુનીટ વાપરનારાઓએ જ સહીયારો સહીયારી જવાબદારીથી કરવાનો રહેશે તથા યોજનાના વેપારી યુનીટ વાપરનારાઓનો હકક રહેશે નહી તથા એપાર્ટમેનટ પધ્ધતિવાળા બિલ્ડીંગમાં આગળના ભાગે રોડ તરફ આવેલ ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોરના વેપારી યુનીટો વેચાણ લેનારાઓ માટે બનાવેલ પાણી-લાઈટ-ડ્રેનેજની કોમન કનેકશનો/લાઈનો, કોમન પાણીની ટાંકી, કોમન

Zeenat Enterprise
Partner

લાઈટ મીટર, સફાઈ વિગેરે અંગે જરૂરી મેન્ટેનન્સ ખર્ચ વરાડે પડતા હીસ્સા મુજબનો આપીને જ ઉપયોગ કરવાનો રહેશે અને તેઓએ મરામત રીપેરીંગ કરવા-કરાવવા અંગે યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ ફરજીયાતપણે સાથ સહકાર આપવાનો રહેશે તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૭) સદર નીચે પરીશીષ્ટ નં. ૧ માં વિગતે વર્ણવેલ જમીનમાં આયોજીત નામની યોજનામાં જે તે બિલ્ડીંગમાં આવેલ જે તે ફલેટને અડીને આવેલ ખુલ્લી બાલ્કની/અગાસીનો ફરજીયાતપણે ખુલ્લો રાખી, કોઈ પણ પ્રકારે બાંધકામ/દબાણ કર્યા સીવાય, જે તે ફલેટ માલીકોએ પ્રાપ્ત થયેલા માલીકી હકકો મુજબ કાયમી વાપર, ઉપયોગ કરવા-કરાવવા હકકદાર અને અધિકારી છે તથા સમગ્ર યોજનાના જે તે બિલ્ડીંગ માં ઉપર આવેલ અગાસીનો ફકત વાપર, ઉપયોગ યોજનાના રહેણાંક યુનીટ વેચાણ લેનારાઓએ એકબીજાને અડચણ અટકાવ ન પડે કે તકરાર ન થાય તે રીતે અંગે માલીકી માંગ્યા સીવાય સહીયારો કરવાનો રહેશે અને કોમર્શીયલ યુનીટ ધારકો માટે સદરહું અગાસીમાં મુકેલ પાણીની ટાંકીની સાફ-સફાઈ રીપેરીંગ અંગે ફકત જવા-આવવાના હકકો અને અધિકારો કાયમી રહેશે જે અંગે હાલમાં કે ભવિષ્યમાં કોઈએ પણ વાંધો કે હેલો-હરકત, તકરાર કરવાની રહેશે નહી કે સદર યોજનાના જે તે બીલ્ડીંગની ઉપર આવેલ અગાસી પર કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓ અંગત માલીકી માંગી શકશે નહી.

સદર યોજનાની ઉપર આવેલ અગાસી, તથા એફએસઆઈ સહના અને યોજનાની કોમન સર્વીસીસ - કોમન એરીયાની જમીનના સંપૂર્ણ હકક યોજનાના એસોસીએશનના યા વિકાસ મંડળને તબદીલ / પ્રાપ્ત થનારા હોઈ તેના નીતી નીયમો પ્રમાણે આધીન રહેશે કે જે અન્યને વેચાણ કરી - કરાવી શકશે નહી તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદરહું આયોજીત યોજનાના એલીવેશનમાં કોઈપણ પ્રકારે ફેરફાર થાય કે આર.સી.સી. સ્ટ્રકચર કે દીવાલોને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવુ કૃત્ય કોઈ પણ યુનીટ વેચાણ રાખનારાઓએ કરવાનું રહેશે નહી કે લીફ્ટ-પેસેજમાં કોઈને અડચણ પડે તે રીતે માલ-સામાન મુકવાનો રહેશે નહી અને વધુમાં યોજનામાં આવેલ યુનીટના માલીકોએ જરૂરીયાત મુજબ કોમર્શીયલ વપરાશ અંગે સરકારી કાયદાઓ મુજબ જરૂરી પરમીશનો મેળવી, નોંધણી કરાવીને વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા-કરાવવાનો હોઈ, નિશ્ચિત કરેલ જગ્યાએ જ એડવાઈઝીંગ/સાઈઝનું સાઈન બોર્ડ મુકવા-મુકાવવાનું રહેશે અને કોમર્શીયલ યુનીટમાં ભારે

Zeenat Enterprise

Partner

માલ-સામાન કે વાઈબ્રેશન કે અવાજનું પ્રદુષણ થાય તેવી ભારે મશીનરી કે મોટર મુકવાની રહેશે નહી કે ધુમાડાનું પ્રદુષણ થાય તેવુ રસોડુ કે કોઈ પ્રવૃતિ કરવાની રહેશે નહી અને યોજનામાં, કોમન પાર્કીંગ, પેસેજમાં ગંદકી કરવી નહી કે કોઈને અડચણ થાય તેવુ કૃત્ય કોઈએ કરવાનું નથી કે સરકારી કાયદા વિરુધ્ધ કોઈ માલ-સામાન રાખવાનો નથી કે તેવો કોઈ ગુનાહીત કૃત્ય/ધંધો કરવાનો નથી તથા સળગી ઉઠે તેવો કોઈ સ્ફોટક પદાર્થ રાખવાનો નથી કે તેવુ કૃત્ય કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓએ કરવાનું રહેશે નહી તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૮) સદર વેચાણ આપેલ મિલકતની બહારના ભાગે કોઈ પણ સુધારા-વધારા કે ઓપનીંગમાં (બારી દરવાજા) માંફેરફાર કરવા કે ડીપશેડમાં કોઈ દબાણ કરવુ નહી કે પ્રોજેકટ કરેલ ગ્રીલ લગાડવાની નથી તેમજ વેચાણ આપેલ યુનીટની દિવાલ, બારી, દરવાજા વિગેરેની સ્થળ સ્થિતીમાં ફેરફાર કરવાનો નથી કે કરી શકશે નહી તથા નકકી થયેલ દેખાવ મુજબની સેફટી ગ્રીલ બનાવડાવાની રહેશે તથા સ્લેબની ઉપર નીચેના માલીકો સાથેની માલીકી અને દિવાલોનો આજુબાજુના માલીકો સાથેની માલીકી સહીયારી રહેશે તેમજ તેનો નિભાવણી, મરામત, નવીન બનાવવા અંગેનો ખર્ચ વીગેરે જે તે યુનીટ માલીકોએ જરૂર પડે ત્યારે વરાડે પડતો ભોગવવાનો રહેશે અને સદરહું યોજનાના એલીવેશનમાં ફેરફાર થાય તે રીતે અન્ય કોઈ પણ જગ્યાએ બાહય દેખાવમાં એરકન્ડીશનર આઉટડોર યુનીટ મુકવાનું રહેશે નહી તથા સદર યોજનાના એલીવેશન ના દેખાવમાં કે અન્ય કોઈ પણ પ્રકારે ફેરફાર થાય કે આર.સી.સી. સ્ટ્રકચરને કોઈપ ણ જાતનું નુકશાન થાય તેવુ કૃત્ય કોઈએ પણ કરવાનું નથી કે રસ્તાઓમાં લીફટમાં પેસેજમાં કોઈને અડચણ પડે તે રીતે માલ-સામાન મુકવાનો રહેશે નહી તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદરહું યોજના ફલેટ ઓર્થશીપ એકટની જોગવાઈઓને આધીન ફલેટ/એપાર્ટમેન્ટ પધ્ધતિ વાળી કોઈ, યોજનાની જમીનમાં વણ વહેચાયેલા હીસ્સાની જમીન સહના તમો લખી લેનારા આથી માલીક થતા હોઈ, ભવિષ્યમાં કુદરતી હોનારત અન્વયે યોજનાને કોઈ પણ પ્રકારે નુકશાન થાય, તો તેવા પ્રસંગે નીચે પરીશીષ્ટ નં. ૨ માં વિગતે વર્ણવેલ વેચાણ આપેલ મિલકતના માપ/મળવાપાત્ર એફ.એસ.આઈ. પ્રમાણે, તે મુજબ યોજનાના અન્ય યુનીટ મલીકો સાથે ભેગા મળી બાંધકામ કરવા તમો લખી લેનારા હકકદાર અને અધિકારી રહેશો વધુમાં આથી સ્પષ્ટતા કરીએ છીએ કે, તમો લખી લેનારા જો તમોને આથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટ નં. ૨ વાળી મીલકત અન્ય કોઈને વેચાણ આપે તો સદર આ લેખની તથા આપણી

Zeenat Enterprise

Partner

વચ્ચે નકકી થયેલ તમામ શરતો માન્ય રાખવી, તેને આધીન રહેવાની સ્પષ્ટતા સાથે જ વેચાણ આપી શકશો અને આપવાની રહેશે તેવી સ્પષ્ટતા સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

અમો લખી આપનારા આથી સ્પષ્ટતા કરીએ છીએ કે વેચાણ આપેલ મિલકતનો કબજો સુપ્રત કર્યા બાદ ઈન્ટરલ ઓલ્ટરેશન/ફર્નીચર સહના કામ દરમ્યાન સ્ટ્રકચર કેપેસીટી ધ્યાનમં રાખી, સ્ટ્રકચર કેપેસીટી ઉપરાંતનું કામ કરી શકશે નહી તેમજ જરૂરી સ્ટ્રકચર કનસ્લટન્ટ પાસેથી જરૂરી સ્ટેબીલીટી સર્ટીફીકેટ તેમજ એસોસીએશન/આર્કીટેકટનું એનઓસી મેળવવીને જ ઈન્ટરનલ ફેરફાર કરી કરાવી શકશો અને તે દરમ્યાન કોઈ પણ પ્રકારે નુકશાન થયા તો તેવા પ્રસંગે નુકશાન કરનાર યુનીટ માલીકોએ તેનો તેનો નિભાવણી, મરામત, નવીન બનાવવા અંગેનો ખર્ચ વી. ભોગવવાનો રહેશે તે અંગે આજુબાજુ ઉપર નીચેના યુનીટ માલીકોએ ફરજીયાત પણે તમામ સાથ સહકાર આપવાનો રહેશે તેવી સ્પષ્ટતા - સ્પષ્ટ શરત ।સથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદરહું યોજનાનું બાંધકામ પરીપુર્ણ થયેથી તેમાં આવેલ કોમન લીફ્ટ/લાઈટ અને બિલ્ડીંગમાં લગાડેલ ઈલેકટ્રીકટ / ઈલેકટ્રીકલ સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટના કેબલીંગ (વાયરીંગ) વીગેરેમાં ફોલ્ટ કે ઈલેકટ્રીકટ શોર્ટશર્કીટ કે અન્ય કોઈ કારણોસર કોઈ પણ પ્રકારે અકસ્માત થાય તો તેવા પ્રસંગે તે અંગે જરૂરી રીપેરીંગ મરામત, નુકશાની વળતર ખર્ચાઓ યોજનાના એસોસીએશનમાં જમા થનાર/કરાવેલ મેન્ટેનન્સની રકમમાંથી કરવા-કરાવવાના રહેશે વધુમાં સદરહું યુનીટની નકકી થયેલ કિંમત ફાયનાન્સને લગતી તમામ કાર્યવાહી / જવાબદારીઓ પરીપુર્ણ કર્યા બાદ અને નકકી થયેલ રકમ પુરેપુરી ચુકવાઈ ગયા બાદ જ કબજો ભોગવટો માંગવા-મંગાવવા કે ફર્નીચર વિવેરેના કામો કરવા-કરાવવા હકકદાર હોઈ, ફરજીયાતપણે લેખીત કબજો (પજેશન લેટર) મેળવ્યા બાદ જ યુનીટનો વાપર, ઉપયોગ કરી શકશો. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૯) સદરહું યોજના હેઠળની સમગ્ર જમીનમાં બાંધકામ અર્થે યોજના માટે મંજુર થયેલા નકશામાં દર્શાવેલ-બનાવેલ સામુહીક પાર્કીંગની જગ્યામાં એટલે કે પાછળના / યોજનાની અંદરના ભાગે આવેલ કવર્ડ પાર્કીંગમાં યોજનાના જે તે બિલ્ડીંગના રહેણાંક માટેના યુનીટ વેચાણ રાખનારા માલીકોએ અનુકુળતા મુજબ પાર્કીંગ માટે મળેલ જગ્યામાં જ અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારા ને જવા-આવવામાં કે પાર્કીંગ કરવામાં કોઈ અચડણ કે અટકાવ ન થાય

Zeenat Enterprise
Partner

તે રીતે કોઈ પણ પ્રકારે તકરાર કર્યા સિવાય પાર્કીંગ કરવાનું રહેશે અને અમુક ચોક્કસ જગ્યામાં પાર્કીંગ કરવા હકક કે અધિકાર ધરાવી શકશે નહી. તેમાં વેપારી યુનીટ વેચાણ રાખનારાઓને કોઈ પણ પ્રકારે હકક, દાવો રહેશે નહી કે માંગી-મંગાવી શકશે નહી અને યોજનાના આગળના ભાગે રોડ બાજુએ/આગળના ભાગમાં આવેલ પાર્કીંગની જગ્યામાં વેચાણી યુનીટ વેચાણ રાખનારાઓએ પાર્કીંગ માટે મેળવેલ જગ્યામાં જ, અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારાને જવા-આવવામાં કે પાર્કીંગ કરવાનું રહેશે. જેમાં વેપારી માલ-સામાન કે કાર્ટીંગના ઉપયોગના વાહનો મુકી શકાશે જ નહી અને અમુક ચોકકસ જગ્યામાં પાર્કીંગ કરવા હકક કે અધિકારઅ ધરાવી શકશે નહી તથા આગળના ભાગે આવેલ તમામ પાર્કીંગ સહીયારૂ રહેશે સહીયારી રીતે વાપર, ઉપયોગ કરવાનો રહેશે અને અમુક ચોકકસ જગ્યાએ પાર્ક કરવા માંગતા હોય તો તેવા પ્રસંગે એશોસીએશનમાંથી પરવાનગી લઈ તે મુજબ વર્તવાનું રહેશે તેવી સ્પટષ્તા-સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૦. સદરહું યોજના હેઠળની સમગ્ર જમીનમાં બાંધકામ અર્થે યોજના માટે મંજુર થયેલા નકશામાં દર્શાવિલ-બનાવેલ સામુહીક પાર્કીંગની જગ્યામાં એટલે કે યોજનાના જે તે બિલ્ડીંગના રહેણાંક માટેના યુનીટ વેચાણ રાખનારા માલીકોએ અનુકુળતા મુજબ પાર્કીંગ માટે મળેલ જગ્યામાં જ, અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારાને જવા-આવવામાં કે પાર્કીંગ કરવામાં કોઈ અડચણ કે અટકાવ ન થાય તે રીતે કોઈ પણ પ્રકારે તકરાર કર્યા સિવાય પાર્કીંગ કરવાનું રહેશે અને અમુક ચોકકસ જગ્યામાં પાર્કીંગ કરવા હકક કે અધિકાર ધરાવી શકશે નહી પાર્કીંગમાં માલ-સામાન કે કાર્ટીંગના ઉપયોગના વાહનો મુકી શકશે જ નહી પરંતુ અમુક ચોકકસ જગ્યાએ પાર્ક કરવા માંગતા હોય તો તેવા પ્રસંગે એસોસીએશનમાંથી પરવાનગી લઈ, તે મુજબ વર્તવાનું રહેશે તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત ાસથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૧. અમો લખી આપનારા આથી લખી સ્પષ્ટતા કરીએ છીએ કે લખી આપનારા/પ્રમોટર /આયોજકનાએ યોજના અંગે ઓકયુપન્સી સર્ટીફીકેટ મેળવ્યા બાદ અને તમો લખી લેનારા/એલોટી દ્વારા નકકી થયેલ વેચાણ અવેજની રકમ સંપૂર્ણ ચુકવણી થયા બાદ માસ-૩ (ત્રણ) સુધીમાં વેચાણ આપેલ મિલકતનો કબજો સોપવાનો હોઈ, અમો લખી આપનારા/પ્રમોટર/આયોજકનાએ બાબતે ખાત્રી આપે છે કે અમારી તરફથી પુર્ણ કરવાની બઆવતી તમામ પ્રકારની જોગવાઈ, ઔપચારિકતા કે દસ્તાવેજી કરણને લગતી બાબતોની ઉપલબ્ધ એવી તમામ પુર્તતા કરી આપીશુ અને ઓકયુપન્સી સર્ટીફીકેટ મેળવેથી અને નકકી

Zeenat Enterprise
Partner

થયા મુજબનો સંપૂર્ણ વેચાણ અવેજની ચુકવણી થયા બાદ વેચાણ આપેલ મિલકતનો કબજો સોપવાની કાર્યવાહી કરીશુ તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આવેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૨) આ લેખ હેઠળની કોઈ જોગવાઈ પ્રમાણે સરકારી કાયદા અથવા તે હેઠળના નિયમો અથવા નિયમન અથવા કોઈ પણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય, તો લેખની તે જોગવાઈઓ આ લેખના હેતુ માટે વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમને સુસંગત હોય તેટલે સુધી આ વેચાણ લેખની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને વેચાણ લેખમાં સહી કરતે વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે તેવી સ્પષ્ટતા સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

અમો લખી આપનારા/પ્રમોટર/આયોજન દ્વારા આથી વેચાણ આપેલ મિલકતનો આ માલીકીફેરના દસ્તાવેજ અન્વયે કાયદાની જોગવાઓ મુજબ કબજો સુપ્રત કરેલ હોઈ, પરંતુ લેખિતમાં ઉપયોગ તેમજ તેના કામ પુર્ણ રીતે તૈયાર હોવાની નોટીસ / જાણ કરેથી, તમો લખી લેનારા/ એલોટીએ લેખીત કબજો સંભાળ્યા બદલનો કરાર લખી આપેથી દિન-૧૫ માં આથી વેચાણ આપેલ મિલકતનો કબજો સંભાળવાનો રહેશે અને આથી વેચાણ આપવા નકકી કરેલ મિલકતનો કબજો લેવા અંગે ઉપરોકત મુદા મુજબ પ્રમોટર/આયોજક દ્વારા લખી લેનાર/એલોટીને લેખિત સુચના મળેથી, લેનાર/એલોટી દ્વારા ચુક થાય કે કબજો લેવામાં નિષ્ફળ જયા, તો તેવા સંજોગોમાં લખી લેનારા/એલોટી લાગુ પડતા મેન્ટેનન્સ ચાર્જીસ ચુકવવા બંધાયેલા રહેશે તેવી સ્પષ્ટતા સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૩) અમો લખી આપનારા આથી લખી આપી સ્પષ્ટતા કરી જણાવીએ છીએ કે તમો લખી લેનારાને સદરહું યોજનામાં આવેલ આથી વેચાણ આપેલ યુનીટનો કબજો સુપ્રત કરેથી / કમ્પલીશન મળેથી પાંચ (૫) વર્ષના સમયગાળાની અંદર વેચાણ આપેલ મિલકતમાં કોઈ પણ પ્રકારના માળખાકીય ક્ષતિ અથવા કામગીરી કે ગુણવતા કે સેવાની જોગવાઈઓને કારણે ઉદભવેલ ક્ષતિ/નુકશાન લખી આપનારાના ધ્યાનમાં લાવે, તેવા સંજોગોમાં, શકય હોય ત્યાં અમારા પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપીશુ અને જો તે રીતે ક્ષતિપુર્તિ શકય ન હોય તો, તમો લખી લેનારા, અમો લખી આપનારા પાસેથી કાયદામાં સુચવેલ પધ્ધતિએ વડતર મેળવી શકે છે. પરંતુ કબજો સુપ્રત કરેથી/કમ્પલીશન મળેથી પાંચ (૫) વર્ષના સમયગાળા દરમ્યાન અમો લખી આપનારાના નિયંત્રણ બહારની હોય, તેવી કોઈપણ પ્રકારની માળખાકીય ક્ષતિ

Zeenat Enterprise
Partner

અથવા કામગીરી, ગુણવતા કે સેવાની જોગવાઈની ક્ષતિપુર્તિ માટે અમો લખી આપનારા/આયોજકનાની જવાબદારી રહેશે નહી તેવી સ્પષ્ટતા સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૪) અમો આથી લખી આપી સ્પ્ટતા કરી જણાવીએ છીએ કે સદર વેચાણ લેખમાં જણાવ્યા મુજબની યોજનામાં આવેલ તેનો કોઈ પણ ભાગને લગતી બાબતનો કાનુની હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી અને સદર વેચાણ લેખની રૂએ લખી લેનારા/એલોટીને વેચાણ આપેલ જમીન-મિલકત, (ખુલ્લી જગ્યા, પાર્કીંગ સ્પેશ, લોબી, દાદર, ટેરેસ, મનોરંજન સ્થળ વિગેરે જે લાગુ પડતુ હોઈ) પર જયાં સુધી તે એલોટીના નામે હસ્તાંતરિત કરવામાં ન આવે ત્યાં સુધી એલોટી પોતાનો દાવો કરી શકશે નહી તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર લેખ લખી આપેલ છે.

૧૫) અમો આથી લખીએ છીએ કે આ વેચાણ લેખની અગાઉ નકકી થયેલ બોલીઓ તથા શરતો સંબંધી અર્થઘટન બાબત ઉત્પન્ન થનાર તમામ વિવાદ કે જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે બાબત અરસ-પરસ સમજુતી-સંમતીથી ઉકેલ લાવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ - ૨૦૧૬ હેઠળના નિયમો તથા નિયમનની જોગવાઈઓ હેઠળ નિમવામા આવેલ લવાદ દ્વારા નિકાલ કરવામાં આવશે.

અમો આથી લખી આપી સ્પષ્ટ કરી જણાવીએ છીએ કે આ વેચાણ લેખ હેઠળ પક્ષકારોના ઉત્પન્ન થતાં હકક ફરજો તથા જવાબદારીઓ જે તે સમયે અમલમાં રહેલ ભારત સરકારના કાયદાઓને અનુસાર અમલ કરવામાં આવશે અને ન્યાયક્ષેત્ર હાલ સ્થળ પ્રમાણે નામદાર કોર્ટનું રહેશે તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર લેખ લખી આપેલ છે.

૧૬) સદર વેચાણ દસ્તાવેજના આધારે નીચે પરીશીષ્ટ નં. ૧) માં વિગતે વર્ણવેલ યોજના હેઠળની જમીન અમો એક તરફવાળી ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની છે અને જે યોજનાની જમીન અંગે આપેલ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મુજબ ટાઈટલ ચોખ્ખા અને કલીયર માર્કેટેબલ છે અને આથી વેચાણ આપેલ મિલકતમા બીજા અન્ય કોઈનો કોઈ પણ જાતનો લાગ, ભાગ, હકક, હીત સંબંધ નથી કે તે અન્ય કોઈ વ્યકિત, પેઢી કે નાણાંધીરનાર બેંક, ફાયનાન્સ કંપની, સંસ્થાને ગીરો, વેચાણ, બક્ષીસ, બાનાખત યા અન્ય કોઈ પણ પ્રકારના લેખ લખાણોથી લખી આપી નથી. તેમજ તે વેચાણ આપવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને વેચાણ આપેલ હોઈ અને તમો લખી લેનારાએ સદરહું યોજનાની તમામ મેળવેલ પરવાનગીઓ, હાલ સ્થળ સ્થિતીની જાત-માહિતી

Zeenat Enterprise
Partner

મેળવી, જોઈ ચકાસી વેચાણ રાખેલ હોઈ અને આથી વેચાણ આપેલ મિલકત તમો લખી લેનારાએ વેચાણ રાખેલ હોઈ, સદર નીચે વેચાણ આપેલ મિલકતના વર્ણનવાળી વર્ણનવાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી લખી આપી વેચાણ આપેલ છે.

<u>–: યોજના હેઠળની જમીનનું વર્ણન :–</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ આણંદ અને સબ ડીસ્ટ્રીકટ આણંદ ના મોજે ગામ આણંદના બ્લોક/સર્વે નં. ૨૬૪૫/૧ જેનું ક્ષેત્રફળ ૦–૧૧–૪૬ આરે જેના ૧૧૪૬ ચો.મી. આકાર રુ. ૧–૪૧ પૈસા ખાતા નં. ૧૪૨૦ અને ૨૬૪૫/૨ જેનું ક્ષેત્રફળ ૦–૭૧–૮૩ આરે જેના આકાર રુ. ૮–૮૩ પૈસા ખાતા નં. ૯૯૮ પૈકી ૬૨૯૫.૦૦ ચો.મી. વાળી ખુલી બીનખેતીલાયક જમીન આવવેલ છે. કે જેમાં ઝીનત રેસીડન્સી નાની યોજનાનું આયોજન કરેલ છે. જેની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

પુર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

<u>–: આ લેખ હેઠળની વેચાણ આપવા નકકી કરેલ મિલકતનું વર્ણન (પરીશીષ્ટ) :–</u>

ઉપરોક્ત વર્ણવેલ જમીનમાં બાંધકામ અંગે મેળવેલ જરૂરી પરવાનગી/મંજુરીઓ મુજબ આયોજીત યોજના પૈકી .... મજલે આવેલ પ્લોટ નં. ... વાળી ...... ચો.મી. કારપેટ એરીયા તથા ...... ચોમી. બાલ્કની/વોશ એરીયા વાળી કે જે મંજુર થયેલ નકશા મુજબ ..... ચો.મી. બિલ્ટઅપ એરીયાના સ્થળ સ્થિતિ મુજબ સંપૂર્ણ બાંધકામવાળી મિલકત તથા સામુહીક વપરાશની કોમન પ્લોટ–રસ્તાની

Zeenat Enterprise
Partner

વણવહેચાયેલી .. ચો.મી. જમીન સહની જમીન મિલકત કે જેની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે : લાગુ.....　　　　પશ્ચિમ : લાગુ.....
ઉત્તરે : લાગુ....　　　　દક્ષિણ : લાગુ.......

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાઓએ અમારી રાજીખુશીથી વાંચી, સમજી, વાકેફ થઈ અકકલ હોંશીયારીથી લખી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જેના સાક્ષી પુરાવારૂપે નીચે અમારી પોતાની સહીઓ કરી આપેલ છે.

અત્રે......................... મતુ　　　　અત્રે........................શાખ

એક તરફવાળા (જમીન મલીક/આયોજક/પ્રમોટર) :-
ઝીનત રેસીડન્સી એ નામની ભાગીદારી
પેઢીના વતી ભાગીદાર તરીકે　　　　..................

____________________　　　　....................

Zeenat Enterprise
Partner

-: મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

સરનામુ : નં.

લખી આપનારા

લખી લેનારા :-

Zeenat Enterprise

Partner

-: મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

સરનામુ : નં.

લખી આપનારા

લખી લેનારા :-

Zeenat Enterprise

Partner

રજી. એક્ટ ૧૯૦૮ ના કલમ ૩૨-એ મુજબ શીડયુઅલ

લખી આપનારા

લખી લેનારા

Zeenat Enterprise
Partner

નોંધણી અધિનિયમ - ૧૯૦૮ ની કલમ - ૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેક લીસ્ટ

અનુ. નં.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનારા, સંમતી આપનારા અથવા તેઓના કુ.મુ.ને પુછવાના પ્રશ્નો		
૧)		
૨)	લેખમાં દર્શાવ્યા મુજબ માપ .... ચો.મી. કારપેટ એરીયા કે જે .... ચો.મી. બિલ્ટઅપ એરીયા વાળી મિલકતનો આ લેખ કરી આપેલ છે ?	હા
૩)	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે વેચાણ અવેજની રકમ મળેલ છે ?	**હા**
૪)	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખેલ છે ?	**હા**
૫)	પાવર ઓફ એટર્ની લખી આપનારા આ દસ્તાવેજની તારીખે હયાત છે ?	**લાગુ નથી**
૬)	પાવર ઓફ એટર્ની લેખમા પાવર ઓફ એટર્ની આપનારા વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ?	**લાગુ નથી**
૭)	પાવર ઓફ એટર્ની નો લેખ આ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	**લાગુ નથી**
૮)	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છે ?	**હા**
૧)	દસ્તાવેજ લખી આપનારા વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી, તેઓને તમે જાતે ઓળખો છો ?	**હા**
૨)	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત / એ એક જ છે ?	**હા**
૩)	કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને સહી કરી, કબુલાત આપી નથી, એવી તમે ખાતરી આપો છો. ?	**હા**

લખી આપનારા/સંમતી આપનારા/કુ.મુ.ની સહી

Zeenat Enterprise
Partner

ઓળખાણ આપનારાની સહી :-

સહી :-

સબ રજીસ્ટ્રાર :-

Zeenat Enterprise

Partner